### ઉમદા હેતુ માટે સાયકલિંગ

# ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને એમએમએફ બધિક-અંધત્વના મુદ્દે જાગૃતતામાં અગ્રેસર રહે છે

અમદાવાદ, સોમવાર



ભારતના પીવીસી પાઈપ્સ અને ફિટીંગ ઉદ્યોગમાં અગ્રણી કંપની ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેની સીએસઆર ભાગીદાર મુકુલ માધવ ફાઉન્ડેશન સેન્સ ઈન્ટરનેશનલ સાયક્લોથોન - મેસેન્જર્સ ઓન સાઈકલની ૧૦મી એડિશનના ટાઈટલ સ્પોન્સર તરીકે તેમના જોડાણની ગર્વથી જાહેરાત કરે છે.

આ ઈવેન્ટનો ઉદ્દેશ બધિક-અંધત્વ વિશે જાગૃતિ લાવવા અને દિવ્યાંગો માટે પ્રેરણા સમાન રહેલા હેલેન કેલરના જન્મદિવસની ઉજવણી કરવાનો છે.

ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝના એમડી અજીત વેંકટરામને આ ઈવેન્ટ માટે તેમનો ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ મહત્વપૂર્ણ પહેલને સમર્થન આપીને અમે સન્માનિત છીએ. સાયક્લોથોન શ્રવણશક્તિ ન ધરાવતા સમુદાયની જરૂરિયાતો પર ધ્યાન આપે છે અને હકારાત્મક અસર કરવા માટેની અમારી પ્રતિબદ્ધતાને રજૂ કરે છે.

આ ઈવેન્ટમાં ભાગ લઈને, અમે બધિક અને અંધ વ્યક્તિઓ માટે વધુ સમજણ અને સમર્થનને પ્રોત્સાહન આપવાની આશા રાખીએ છીએ અને અન્ય લોકોને આ ઉમદા હેતુમાં અમારી સાથે જોડાવા માટે પ્રેરણા આપીએ છીએ."